2010-08-27 -Nana Angiya -Problems because of Satpanth (1478)



# શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજ

**નાના અંગીયા. તા.નખત્રાણા–કચ્છ.**

• પ્રતિશ્રી, પ્રમુખશ્રી / મંત્રીશ્રી

[illegible] ..~~વિભાગ~~ / ~~કાર્યાલય~~

[illegible]

આદરણીય શ્રી,

જય શ્રી લક્ષ્મીનારાયણ સહ: જણાવવાનું કે અત્યાર સુધી સનાતન સમાજો ના ઉદાર વલણ ના કારણે આપણી સમાજ ના પરિવારોના ધાર્મિક તેમજ સામાજીક આચરણ માં કેટલીક વિસંગતતાઓ પ્રવર્તતી જોવા મળે છે. જેના કારણે ઈષ્ટ દેવ તરીકે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ને માનતા હોવા છતાં આપણા કેટલાક પરિવારો સતપંથ સંપ્રદાય નાં સથળો એ દર્શન–પુજા–અર્ચના રૂપિયા આપી પુજા કરાવવી, પીરાણા સ્થાનકે બેડી પહેરવી, મરણ પાછળ ગુનો છોડાવવો,નારણબલી ચડાવવી,પદયાત્રા સંગમાં ભાગ લેવો,શીબીરો ભરવી, જેવી વિવિધ ક્રિયા ઓ તેમજ દાન,ભેટ,સોંગાદ ધરાવતા કે મોકલાવતા હોય જે આપણી સમાજ ના બંધારણીય રીત–રીવાજ વિરૂધ્ધ ની પ્રવૃતી કરતા હોય તેવા સમાચારો અવાર–નવાર મળતા રહે છે. જે ખુબજ દુ:ખદ બાબત છે.

પરંતુ છેલ્લે યોજાયેલ નખત્રાણા મુકામે સ્વર્ણીમ મહોત્સવ તથા પંચમ અધિવેશન બાદ તે પ્રકાર નું સનાતન પરિવારોનું આચરણ ચલાવી શકાય તેમ ન હોઈ તેવા વ્યવહારો સદંતર બંધ કરવા નું આથી સુચિત કરવામાં આવે છે. તે માટે વર્તમાન પરિસ્થીતી અને સંજોગો ને ધ્યાન માં લેતા સ્થાનિક સમાજે તા. ૨૩/૦૩/૨૦૧૦ ના રોજ સમાજ ના ભાઈઓ તથા બહેનો ની ૧૪૫ સભ્યોની નોંધપાત્ર હાજરી માં સામાન્ય સભાનું આયોજન કરેલ.જેમાં વર્તમાન સંજોગો માં પાલન કરવા ના થતા રીત–રીવાજ ના ઠરાવો સર્વાનું મતે લેવામાં આવેલ જેની વિગત નિચે મુજબ છે.

(૧) શ્રી લક્ષ્મીનારાયણ સનાતન પાટીદાર સમાજ ના પરિવારો એ દફન ની મરણોતર ક્રિયા માં ભાગ લેવો નહી તથા તેને લગતી કોઈપણ ધાર્મીક ક્રિયા કે જમણવાર માં ઉપસ્થિત રહેવું નહી અને તેનો સંદતર બહિષ્કાર કરવો તથા સતપંથ સમાજ માં કોઈનું પણ મરણ થાય તો જાણ માટે વાગતી રામધુન આપણા મંદિર માં વગાડવી નહી.

(૨) અષાઢી બીજ કે અન્ય દિવસો એ પણ કબ્રસ્તાન(મુકામ) માં જવું નહી અને તેમાં કરવામાં આવતી સિંદુર. અગરબતી, પુજા, પ્રસાદ વીધી સદંતર બંધ કરવી.

(૩) સતપંથ સંપ્રદાયના સ્થળો જેવા કે પીરાણા,કાદીયા,નખત્રાણા કે કોઈપણ ગામના જયોતીષધામ ના સ્થાનક માં દર્શન પુજા–અર્ચન કરવા નહી તેની બાધા–માનતા રાખવી નહી કે ઉતારવી નહી દાન–ભેટ કે સોંગાદ આપવી કે મોકલવી નહી.

(૪) સતપંથ સમાજ ના ધાર્મિક ઉત્સવો કે સામૈયાં માં સતસંગ કે ધાર્મિક સભામાં ભાગ લેવો નહિ તથા તે અંગેનો જમણવાર ના આમંત્રણ નો સ્વીકાર કરવો નહિ

(૫) આપણી સમાજ ના ધાર્મિક ઉત્સવ,સતસંગ કે પ્રતિષ્ઠા મહોત્સવ તીથી કે તેને લાગતા સમુહ ભોજન ના પોગ્રામ માં સતપંથ સમાજ ના કોઈપણ વ્યકિત ને આમંત્રણ આપવુ નહિ

ઉપરોકત વ્યવહારો નુ આચરણ વર્તમાન સંજોગો માં આપણી સમાજ ના દરેક સભ્યે કરવું અનિવાર્ય છે. તેમા ઢીલાશ કે ચુક કોઈપણ સંજોગો માં ચલાવી લેવામા આવશે નહિ, જેની નોંધ લેવા દરેક સનાતન સમાજ ના સભ્યો ને વિનંતી છે.

ઉપરોકત નીતી–નિયમો નું ચુસ્તપણે પાલન કરવું અને કરાવડાવું એ દરેક સભ્ય ની નૈતીક ફરજ બને છે.

આથી દરેક વિભાગીય પ્રમુખ/મંત્રી ને વિનંતીછે કે પોતાના વિભાગ ના તમામ સભ્યને ઉપરોકત ધારા–ધોરણથી વાકેફ કરવા તથા તે બાબત માં સંમતિ,વાધાં–સુચન કે કંઈપણ અભિપ્રાય હોયતો અત્રે સ્થાનીક સમાજ મધ્યે મોકલી આપવા આપશ્રીને નમ્ર વિનંતી છે.આ સાથે સભ્યોની જાણ માટે કેન્દ્રીય સમાજ ધ્વારા બહાર પાડવા માં આવેલ શ્વેતપત્ર ની નકલ મોકલાવેલ છેજેને ધ્યાને લેવા વિનંતી

**<u>ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ આપ સર્વે પરિવારોની ચડતી રાખે એજ અભ્યર્થના સહ :</u>**

તા. ૨૭/૦૮/૨૦૧૦ શુક્રવાર ના રોજ પરદેશ વસ્તા તથા સ્થાનીક ભાઈઓની લક્ષ્મીનારાયણ સનાતન સમાજની સયુંકત સામાન્ય સભા નાના અંગીયા સંતપંથ સમાજ સાથે ના સંબધોની પુનઃ સમીક્ષા કરવા તથા સંયુકત મીલકત બાબતે ચર્ચા વિચારણા કરવાનું આયોજન વિચારણામાં છે. તો તે બાબતે આપનો અભિપ્રાય ફોન અથવા પત્ર મારફતે તાત્કાલીક જણાવવા વિનંતી.

આપનો વિશ્વાસુ

લક્ષ્મીનારાયણ પાટીદાર સમાજ વતી,

[illegible]

# શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજ

**નાના અંગીયા. તા.નખત્રાણા–કચ્છ.**

• પ્રતિશ્રી, પ્રમુખશ્રી / મંત્રીશ્રી

[illegible] ..~~વિભાગ~~ / ~~કાર્યાલય~~

[illegible]

આદરણીય શ્રી,

જય શ્રી લક્ષ્મીનારાયણ સહ: જણાવવાનું કે અત્યાર સુધી સનાતન સમાજો ના ઉદાર વલણ ના કારણે આપણી સમાજ ના પરિવારોના ધાર્મિક તેમજ સામાજીક આચરણ માં કેટલીક વિસંગતતાઓ પ્રવર્તતી જોવા મળે છે. જેના કારણે ઈષ્ટ દેવ તરીકે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ને માનતા હોવા છતાં આપણા કેટલાક પરિવારો સતપંથ સંપ્રદાય નાં સથળો એ દર્શન–પુજા–અર્ચના રૂપિયા આપી પુજા કરાવવી, પીરાણા સ્થાનકે બેડી પહેરવી, મરણ પાછળ ગુનો છોડાવવો,નારણબલી ચડાવવી,પદયાત્રા સંગમાં ભાગ લેવો,શીબીરો ભરવી, જેવી વિવિધ ક્રિયા ઓ તેમજ દાન,ભેટ,સોંગાદ ધરાવતા કે મોકલાવતા હોય જે આપણી સમાજ ના બંધારણીય રીત–રીવાજ વિરૂધ્ધ ની પ્રવૃતી કરતા હોય તેવા સમાચારો અવાર–નવાર મળતા રહે છે. જે ખુબજ દુ:ખદ બાબત છે.

પરંતુ છેલ્લે યોજાયેલ નખત્રાણા મુકામે સ્વર્ણીમ મહોત્સવ તથા પંચમ અધિવેશન બાદ તે પ્રકાર નું સનાતન પરિવારોનું આચરણ ચલાવી શકાય તેમ ન હોઈ તેવા વ્યવહારો સદંતર બંધ કરવા નું આથી સુચિત કરવામાં આવે છે. તે માટે વર્તમાન પરિસ્થીતી અને સંજોગો ને ધ્યાન માં લેતા સ્થાનિક સમાજે તા. ૨૩/૦૩/૨૦૧૦ ના રોજ સમાજ ના ભાઈઓ તથા બહેનો ની ૧૪૫ સભ્યોની નોંધપાત્ર હાજરી માં સામાન્ય સભાનું આયોજન કરેલ.જેમાં વર્તમાન સંજોગો માં પાલન કરવા ના થતા રીત–રીવાજ ના ઠરાવો સર્વાનું મતે લેવામાં આવેલ જેની વિગત નિચે મુજબ છે.

(૧) શ્રી લક્ષ્મીનારાયણ સનાતન પાટીદાર સમાજ ના પરિવારો એ દફન ની મરણોતર ક્રિયા માં ભાગ લેવો નહી તથા તેને લગતી કોઈપણ ધાર્મીક ક્રિયા કે જમણવાર માં ઉપસ્થિત રહેવું નહી અને તેનો સંદતર બહિષ્કાર કરવો તથા સતપંથ સમાજ માં કોઈનું પણ મરણ થાય તો જાણ માટે વાગતી રામધુન આપણા મંદિર માં વગાડવી નહી.

(૨) અષાઢી બીજ કે અન્ય દિવસો એ પણ કબ્રસ્તાન(મુકામ) માં જવું નહી અને તેમાં કરવામાં આવતી સિંદુર. અગરબતી, પુજા, પ્રસાદ વીધી સદંતર બંધ કરવી.

(૩) સતપંથ સંપ્રદાયના સ્થળો જેવા કે પીરાણા,કાદીયા,નખત્રાણા કે કોઈપણ ગામના જયોતીષધામ ના સ્થાનક માં દર્શન પુજા–અર્ચન કરવા નહી તેની બાધા–માનતા રાખવી નહી કે ઉતારવી નહી દાન–ભેટ કે સોંગાદ આપવી કે મોકલવી નહી.

(૪) સતપંથ સમાજ ના ધાર્મિક ઉત્સવો કે સામૈયાં માં સતસંગ કે ધાર્મિક સભામાં ભાગ લેવો નહિ તથા તે અંગેનો જમણવાર ના આમંત્રણ નો સ્વીકાર કરવો નહિ

(૫) આપણી સમાજ ના ધાર્મિક ઉત્સવ,સતસંગ કે પ્રતિષ્ઠા મહોત્સવ તીથી કે તેને લાગતા સમુહ ભોજન ના પોગ્રામ માં સતપંથ સમાજ ના કોઈપણ વ્યકિત ને આમંત્રણ આપવુ નહિ

ઉપરોકત વ્યવહારો નુ આચરણ વર્તમાન સંજોગો માં આપણી સમાજ ના દરેક સભ્યે કરવું અનિવાર્ય છે. તેમા ઢીલાશ કે ચુક કોઈપણ સંજોગો માં ચલાવી લેવામા આવશે નહિ, જેની નોંધ લેવા દરેક સનાતન સમાજ ના સભ્યો ને વિનંતી છે.

ઉપરોકત નીતી–નિયમો નું ચુસ્તપણે પાલન કરવું અને કરાવડાવું એ દરેક સભ્ય ની નૈતીક ફરજ બને છે.

આથી દરેક વિભાગીય પ્રમુખ/મંત્રી ને વિનંતીછે કે પોતાના વિભાગ ના તમામ સભ્યને ઉપરોકત ધારા–ધોરણથી વાકેફ કરવા તથા તે બાબત માં સંમતિ,વાધાં–સુચન કે કંઈપણ અભિપ્રાય હોયતો અત્રે સ્થાનીક સમાજ મધ્યે મોકલી આપવા આપશ્રીને નમ્ર વિનંતી છે.આ સાથે સભ્યોની જાણ માટે કેન્દ્રીય સમાજ ધ્વારા બહાર પાડવા માં આવેલ શ્વેતપત્ર ની નકલ મોકલાવેલ છેજેને ધ્યાને લેવા વિનંતી

**ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ આપ સર્વે પરિવારોની ચડતી રાખે એજ અભ્યર્થના સહ :**

તા. ૨૭/૦૮/૨૦૧૦ શુક્રવાર ના રોજ પરદેશ વસ્તા તથા સ્થાનીક ભાઈઓની લક્ષ્મીનારાયણ સનાતન સમાજની સયુંકત સામાન્ય સભા નાના અંગીયા સંતપંથ સમાજ સાથે ના સંબધોની પુન: સમીક્ષા કરવા તથા સંયુકત મીલકત બાબતે ચર્ચા વિચારણા કરવાનું આયોજન વિચારણામાં છે. તો તે બાબતે આપનો અભિપાય ફોન અથવા પત્ર મારફતે તાત્કાલીક જણાંવવા વિનંતી.

આપનો વિશ્વાસુ

લક્ષ્મીનારાયણ પાટીદાર સમાજ વતી,

[illegible]